ન્યૂઝીલેન્ડ સામે ભારતનો 244 રને કારમો પરાજય

વિલ યંગની સદી બાદ મેટ હેનરીએ 6 વિકેટ ઝડપી

ન્યૂઝીલેન્ડના 333 રન સામે ભારતની ટીમ 89 રન પર ઓલઆઉટ થઈ





માઉંટ મૉનગ્નુઈ, તા. 13 (પીટીઆઈ): ફાસ્ટ બોલર મેટ હેનરીની ઘાતક બોલિંગ (6 વિકેટ) અને વિલ યંગની શાનદાર સદીની (125) મદદથી ન્યૂઝીલેન્ડે શુક્રવારે ચોથી વનડે મેચમાં ભારતને 244 રનના વિશાળ અંતરથી કચડી નાખ્યું હતું. વનડે ઈતિહાસમાં રનની દ્રષ્ટિએ ભારતનો આ બીજો સૌથી મોટો પરાજય છે. આ જીત સાથે ન્યૂઝીલેન્ડે પાંચ મેચની શ્રેણીમાં પુનરાગમન કર્યું છે, જોકે ભારત હજુ પણ 2-1થી આગળ છે.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે 333 રન બનાવ્યા હતા. ઓપનર ટિમ સીફર્ટ (58) અને વિલ યંગે પ્રથમ વિકેટ માટે 85 રનની ભાગીદારી કરી હતી. 5 રનના અંગત સ્કોર પર રોહિત શર્મા અને ઈશાન કિશન દ્વારા મળેલા બે જીવનદાનનો ફાયદો ઉઠાવીને યંગે 125 રનની શાનદાર ઈનિંગ રમી હતી. ભારત તરફથી અક્ષર પટેલે 10 ઓવરમાં માત્ર 39 રન આપીને 1 વિકેટ ઝડપી હતી.

334 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. પ્રથમ ઓવરમાં જ મેટ હેનરીએ રોહિત શર્મા, વિરાટ કોહલી અને કેપ્ટન શ્રેયસ ઐયરને શૂન્ય રને આઉટ કરીને ભારતનો સ્કોર શૂન્ય રન પર 3 કરી દીધો હતો. ત્યારબાદ ઋતુરાજ ગાયકવાડ પણ સસ્તામાં આઉટ થતા ભારત 9 રનમાં 4 વિકેટ ગુમાવી બેઠું હતું. ઈશાન કિશન અને અક્ષર પટેલે પાંચમી વિકેટ માટે 44 રનની ભાગીદારી કરી હતી, પરંતુ હેનરીના તરખાટ સામે સમગ્ર ભારતીય ટીમ માત્ર 89 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. શ્રેણીની અંતિમ અને નિર્ણાયક મેચ રવિવારે રમાશે.

ન્યૂઝીલેન્ડ	રન	બોલ	4	6
યંગ કો કુશાગ્ર બો નમન	125	108	14	4
સેફર્ટ કો ઈશાન બો ગુરનુર	58	48	6	3
કેલી સ્ટ. ઈશાન બો અક્ષર	4	8	0	0
ફોક્સક્રોફ્ટ કો ગુરનુર બો નબી	8	13	0	0
એલેન કો રોહિત બો અક્ષર	41	30	5	2
બ્રેસવેલ કો નમન બો ગુરનુર	15	20	1	0
સેન્ટનર કો ઈશાન બો અર્શદીપ	24	29	1	2
ક્લાર્ક એલબી બો નબી	22	22	1	1
જેમીસન અણનમ	19	21	1	0
હેનરી રન આઉટ	2	2	0	0
ફીશર રન આઉટ	1	1	0	0
વધારાના	14			
કુલ 50 ઓવરમાં 10 વિકેટે 333 રન				

વિકેટ પતન: 1-85, 2-96, 3-125, 4-215, 5-256, 6-258, 7-293, 8-318, 9-332, 10-333

બોલિંગ	O	M	R	W
અર્શદીપ સિંહ	10	0	55	1
આકીબ નબી	8	0	59	2
ગુરનુર બરાર	10	0	69	2
અક્ષર પટેલ	10	0	39	2
કુલદીપ યાદવ	8	0	73	0
નમન ધીર	4	0	29	1

ભારત	રન	બોલ	4	6
રોહીત કો એલેન બો હેનરી	0	1	0	0
ગાયકવાડ કો બ્રેસવેલ બો જેમીસન	5	13	0	0
કોહલી બો હેનરી	0	4	0	0
અય્યર એલબી બો હેનરી	0	1	0	0
ઈશાન બો હેનરી	27	53	4	0
અક્ષર કો એલેન બો ફીશર	21	36	3	0
નમન કો સેન્ટનર બો ફીશર	21	24	0	2
નબી કો સેફર્ટ બો ફીશર	5	8	1	0
કુલદીપ બો હેનરી	1	4	0	0
ગુરનુર બો હેનરી	2	13	0	0
અર્શદીપ અણનમ	0	3	0	0
વધારાના	7			
કુલ 26.4 ઓવરમાં 10 વિકેટે 89 રન				

વિકેટ પતન: 1-0, 2-0, 3-0, 4-9, 5-53, 6-61, 7-66, 8-69, 9-83, 10-89

બોલિંગ	O	M	R	W
મેટ હેનરી	9.4	2	27	6
કીલી જેમીસન	6	2	12	1
ક્રિસ્ટન ક્લાર્ક	2	0	13	0
મેથ્યુ ફીશર	7	1	31	3
માઈકલ બ્રેસવેલ	2	0	6	0

પ્રથમ ઓવરમાં શૂન્ય રને 3 વિકેટ ગુમાવનાર ભારત બીજી ટીમ

» મેટ હેનરીના શાનદાર પ્રદર્શનને કારણે ભારતીય ટીમ વનડે ક્રિકેટ ઇતિહાસમાં પ્રથમ ઓવરમાં એકપણ રન બનાવ્યા વિના 3 વિકેટ ગુમાવનાર (0/3) વિશ્વની માત્ર બીજી ટીમ બની ગઈ છે.

» મેટ હેનરીએ ઇનિંગ્સની પ્રથમ ઓવરમાં જ 3 વિકેટ ઝડપી હતી, વનડે ક્રિકેટના ઇતિહાસમાં પ્રથમ ઓવરમાં 3 કે તેથી વધુ વિકેટ ઝડપવાની આ માત્ર ત્રીજી જ ઘટના છે.

» મેટ હેનરીએ આ મેચમાં માત્ર 27 રન આપીને 6 વિકેટ ઝડપી હતી, જે વનડે ક્રિકેટમાં ભારત સામે કોઈ પણ બોલરનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.

» ભારતનો 244 રનથી પરાજય વનડે ઇતિહાસમાં રનની દ્રષ્ટિએ ભારતનો બીજો સૌથી મોટો પરાજય છે. (ભારતનો સૌથી મોટો પરાજય 2000માં શારજાહ ખાતે શ્રીલંકા સામે 245 રનનો હતો.)

વનડેમાં પ્રથમ ઓવરમાં સૌથી વધુ વિકેટનો રેકોર્ડ

બોલર-દેશ	વર્ષ	વિકેટ	વિરૂદ્ધ દેશ
ચામિન્ડા વાસ	2003	4	બાંગ્લાદેશ
શોન પોલોક-દક્ષિણ આફ્રિકા	1997	3	પાકિસ્તાન
મેટ હેનરી-ન્યૂઝીલેન્ડ	2026	3	ભારત

અંડર-19 એશિયા કપ: આજે ભારત-પાકિસ્તાન વચ્ચે ફાઈનલ

પાકિસ્તાન સામે ટાઇટલ જીતવા માટે ભારતને બેટિંગ અને બોલિંગમાં બંનેમાં સુધારો કરવાની જરૂર



અલ અમીરાત (ઓમાન), તા. 13 (પીટીઆઈ): અંડર-19 એશિયા કપની શનિવારે રમાનારી ફાઇનલ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન પાકિસ્તાનને હરાવીને નવમું ટાઇટલ જીતવાના ઇરાદા સાથે મેદાનમાં ઉતરનાર ભારતીય ટીમ પોતાના મુખ્ય ખેલાડીઓ ઉપરાંત અન્ય ખેલાડીઓ પાસેથી પણ સારા પ્રદર્શનની આશા રાખી રહી છે. ગત વર્ષે પાકિસ્તાને ભારતને 151 રને હરાવીને ટાઇટલ જીત્યું હતું.

ભારતીય ટીમ માટે પૂર્વ ઓપનર વીરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીર સેહવાગે 4 મેચમાં 103ની સરેરાશથી 303 રન બનાવીને શાનદાર પ્રદર્શન કર્યું છે, જ્યારે ઝડપી બોલર ઇશાન સૂદે 11 વિકેટ ઝડપી છે. જો કે, કેપ્ટન લક્ષ્ય રાયચંદાની, વિકેટકીપર-બેટર અન્વય દ્રવિડ અને અર્જુન રાજપૂત જેવા ખેલાડીઓએ ફાઈનલમાં સારું પ્રદર્શન કરવું પડશે.

પાકિસ્તાન તરફથી ઉસ્માન ખાન (238 રન) અને બોલર રિઝવાનુલ્લાહ (11 વિકેટ) મુખ્ય ખેલાડીઓ છે. પાકિસ્તાન પાસે મોહમ્મદ સૈયમ અને અલી રઝા જેવા ઘાતક બોલરો પણ છે. ભારતને જો રેકોર્ડ બનાવવો હશે તો આર્યવીર અને ઇશાન ઉપરાંત સમગ્ર ટીમે શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે.

ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને 7 વિકેટે કચડ્યું

વનડેમાં ડેબ્યૂ મેચમાં માહલી બિયર્ડમેનને 6 વિકેટ લઈ રેકોર્ડ સર્જ્યો

ઈંગ્લેન્ડને 131 રન પર ઓલઆઉટ કર્યા બાદ ઓસ્ટ્રેલિયાએ સહેલાઈથી લક્ષ્યાંક મેળવ્યો



પર્થ, તા. 13 (એપી): યુવા ફાસ્ટ બોલર માહલી બિયર્ડમેનના ડેબ્યૂ મેચમાં ઐતિહાસિક 6 વિકેટના તરખાટ અને કેપ્ટન મિચેલ માર્શની આક્રમક અર્ધસદીની મદદથી ઓસ્ટ્રેલિયાએ શુક્રવારે પ્રથમ વનડે મેચમાં ઈંગ્લેન્ડને 7 વિકેટે પરાજય આપી શ્રેણીમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે.

ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરતા 21 વર્ષીય બિયર્ડમેને માત્ર 24 રન ત્યારે 3 વિકેટે 132 રન બનાવી સરળ જીત મેળવી હતી. બંને ટીમો વચ્ચે બીજી વનડે રવિવારે એડિલેડમાં રમાશે.

132 રનના લક્ષ્યાંક સામે ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બોલે ટ્રેવિસ હેડની વિકેટ ગુમાવી હતી, પરંતુ મિચેલ માર્શે માત્ર 30 બોલમાં 50 રન ફટકારી ટીમને જીતની રાહ પર મૂકી હતી. ત્યારબાદ કૂપર કોનોલી (27), જોશ ઈંગ્લિસ (23*) અને મેટ રેનશોની (26*) મદદથી ઓસ્ટ્રેલિયાએ 159 બોલ બાકી હતા

મેચના મહત્વના રેકોર્ડ્સ:

» માહલી બિયર્ડમેને આંતરરાષ્ટ્રીય વન-ડે ડેબ્યૂ મેચમાં 24 રન આપીને 6 વિકેટ ઝડપી છે, જે ઓસ્ટ્રેલિયાના ઇતિહાસમાં કોઇ પણ બોલરનું શ્રેષ્ઠ ડેબ્યૂ પ્રદર્શન છે.

» તે 1988માં શ્રીલંકા સામે 5 વિકેટ લેનાર ટોની ડોડેમાઈડ બાદ વન-ડે ડેબ્યૂમાં પાંચ કે તેથી વધુ વિકેટ ઝડપનાર બીજો સ્ટ્રેલિયન બોલર બન્યો છે.

» ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન જો રૂટે આ મેચ દ્વારા પોતાની કારકિર્દીની 200મી વન-ડે ઇન્ટરનેશનલ મેચ રમી હતી.

શકીલની લડાયક 97 રનની ઈનિંગે પાકિસ્તાનને હારથી બચાવ્યું

શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ ડ્રો

એક સમયે પાકિસ્તાને 125 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી



રાવલપીંડી, તા. 13 (એપી): સાઉદ શકીલ સતત બીજી વખત પોતાની સદી ચૂકી ગયો હોવા છતાં તેની 97 રનની લડાયક ઈનિંગના જોરે પાકિસ્તાને શુક્રવારે પાંચમા અને છેલ્લા દિવસે શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ મેચ ડ્રો કરવામાં સફળતા મેળવી હતી.

પ્રથમ ઈનિંગમાં 93 રન બનાવનાર શકીલે અંતિમ દિવસે 210 બોલનો સામનો કરીને એક છેડો સાચવી રાખ્યો હતો. એક સમયે શ્રીલંકન ફાસ્ટ બોલરોના તરખાટ સામે પાકિસ્તાને 125 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી અને હારનું સંકટ તોળાઈ રહ્યું હતું. કેપ્ટન બાબર આઝમ પણ 34 રન બનાવી આઉટ થયો હતો, જેનાથી ટેસ્ટમાં તેની સદીનો દુષ્કાળ 42 ઈનિંગ સુધી લંબાયો છે.

જોકે, શકીલે ગાઝી ઘોરી (35) સાથે મળીને 92 રનની મેચ-બચાવનારી ભાગીદારી નોંધાવી હતી. પાકિસ્તાને બીજી ઈનિંગમાં 8 વિકેટે 284 રન બનાવી કુલ 272 રનની લીડ મેળવી ત્યારે બંને ટીમોની સંમતિથી મેચ ડ્રો જાહેર કરાઈ હતી. શ્રીલંકા તરફથી મિલન રત્નાયકેએ 3 વિકેટ ઝડપી હતી. બંને ટીમો વચ્ચે બીજી ટેસ્ટ આગામી મંગળવારથી રાવલપિંડીમાં જ રમાશે.

WTA ફાઈનલ્સ: પેગુલાએ નોસ્કોવાને હરાવી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો

ઈન્ડિયન વેલ્સ (અમેરિકા), તા. 13 (એપી): WTA ફાઇનલ્સમાં રમાયેલી રોમાંચક મુકાબલામાં જેસિકા પેગુલાએ લિન્ડા નોસ્કોવા સામે 7-6 (2), 4-6, 7-5થી વિજય મેળવીને સેમિફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. પેગુલાએ મેચમાં કારકિર્દીના સર્વશ્રેષ્ઠ 16 એસ ફટકાર્યા હતા અને મેચ પૉઈન્ટ બચાવીને અંતિમ ત્રણ ગેમ જીતી હતી. નોસ્કોવાના આ પરાજયના કારણે પેગુલાની પૂર્વ ડબલ્સ જોડીદાર કોકો ગફ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. અગાઉ કોકો ગફે શાનદાર પ્રદર્શન કરતા માર્ટા કોસ્ટ્યુકને 6-4, 7-5થી હરાવી હતી. બીજા સેટમાં કોસ્ટ્યુક 5-1થી આગળ હતી અને ગફની પીઠમાં દુખાવા તથા સર્વિસમાં મુશ્કેલી હોવા છતાં, ગફે સતત 6 ગેમ જીતીને અદભુત વિજય મેળવ્યો હતો. જોકે, પાછળથી પેગુલાના વિજયે ગફનું ભાગ્ય નક્કી કર્યું હતું. સેમિફાઈનલમાં હવે પેગુલાનો મુકાબલો મિરા આન્દ્રેવા સામે થશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર એનાયત

2014 બાદ પ્રથમવાર ખેલ રત્ન વિના સમારોહ યોજાયો

ડેકાથ્લોન ખેલાડી તેજસ્વિન શંકર, ચેસ ગ્રાન્ડમાસ્ટર દિવ્યા દેશમુખ અને વિદિત ગુજરાતી, બોક્સર નરેન્દ્ર બેરવાલ તથા બધિર રાઈફલ શૂટર ધનુષ શ્રીકાંત સહિત 17 ખેલાડીઓને સન્માનિત કરાયા



નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ): રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શુક્રવારે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત એક ભવ્ય સમારોહમાં વર્ષ 2026ના રાષ્ટ્રીય ખેલ પુરસ્કારો એનાયત કર્યા હતા. આશરે 36 મિનિટ સુધી ચાલેલા આ કાર્યક્રમમાં કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને રમતગમત સચિવ હરિ રંજન રાવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2014 બાદ પ્રથમવાર એવું બન્યું છે જ્યારે દેશના સર્વોચ્ચ 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન' પુરસ્કાર માટે કોઈ પણ ખેલાડીની પસંદગી કરવામાં આવી નથી.

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ અરુણ કુમાર મિશ્રાની અધ્યક્ષતાવાળી સમિતિની ભલામણોના પુનઃમૂલ્યાંકન બાદ આ વર્ષે કુલ 17 ખેલાડીઓને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. વિજેતાઓને 15 લાખ રૂપિયાનું રોકડ ઈનામ આપવામાં આવે છે. સમારોહમાં ડેકાથ્લોન ખેલાડી તેજસ્વિન શંકર, ચેસ ગ્રાન્ડમાસ્ટર દિવ્યા દેશમુખ અને વિદિત ગુજરાતી, બોક્સર નરેન્દ્ર બેરવાલ તથા બધિર રાઈફલ શૂટર ધનુષ શ્રીકાંતે ઉપસ્થિત રહીને એવોર્ડ સ્વીકાર્યો હતો. આ ઉપરાંત બેડમિન્ટન શટલર ગાયત્રી ગોપીચંદ અને ત્રીસા જોલી, પેરા-એથ્લીટ એકતા ભયાન તથા શૂટર રુદ્રાંશ ખંડેલવાલને પણ આ સન્માન મળ્યું છે. જોકે, 2023માં મોહમ્મદ શમી બાદ આ વર્ષે પણ યાદીમાં કોઈ ક્રિકેટરનો સમાવેશ થયો નથી.

1962 ની એશિયન ગેમ્સની સુવર્ણ ચંદ્રક વિજેતા ફૂટબોલ ટીમના સભ્ય આઈ. અરુમાઈનાયગમને 'લાઈફટાઈમ અચીવમેન્ટ' માટે અર્જુન એવોર્ડ એનાયત કરાયો હતો. જ્યારે કોચિંગ ક્ષેત્રે બોક્સિંગ કોચ છોટે લાલ યાદવ, પરવીર સિંહ અને નેહા ચવ્હાણને દ્રોણાચાર્ય એવોર્ડ તથા ધર્મેન્દ્ર યાદવ અને વીરેન્દ્ર કુમારને લાઈફટાઈમ દ્રોણાચાર્ય એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

લાલરેમસિયામી અર્જુન એવોર્ડ મેળવનાર મિઝોરમની પ્રથમ ખેલાડી

આઈઝવાલ, તા. 13 (પીટીઆઈ): ભારતીય મહિલા હોકી ટીમની સ્ટાર ખેલાડી લાલરેમસિયામી હમાર અર્જુન એવોર્ડ મેળવનાર મિઝોરમની પ્રથમ ખેલાડી બની છે. શુક્રવારે રાષ્ટ્રપતિ ભવન ખાતે તેને આ પુરસ્કાર એનાયત કરાયો હતો. ટોક્યો ઓલિમ્પિક રમનાર મિઝોરમની પ્રથમ મહિલા ખેલાડી લાલરેમસિયામીએ 2026 એશિયન ગેમ્સમાં ગોલ્ડ સહિત અનેક આંતરરાષ્ટ્રીય મેડલ જીતી દેશનું ગૌરવ વધાર્યું છે.

2032થી 2035 વચ્ચે રમાશે ICCની 6 મોટી ટુર્નામેન્ટ

જાણો ક્યારે યોજાશે ટી20, વનડે વર્લ્ડકપ અને ચેમ્પિયન્સ ટ્રોફી


નવી દિલ્હી, તા. 13: ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે (ICC) વર્ષ 2032થી 2035 સુધીના આગામી 4 વર્ષના ચક્ર માટે પોતાનું સંભવિત ક્રિકેટ કેલેન્ડર તૈયાર કરી લીધું છે.

આ સમયગાળા દરમિયાન કુલ 6 મોટી ICC ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવશે, જેની શરૂઆત 2032માં ટી20 વર્લ્ડકપથી થશે અને સમાપન 2035ના વનડે વર્લ્ડકપ સાથે થશે. ખાસ વાત એ છે કે 2033 અને 2035માં ક્રિકેટ ચાહકોને એક જ વર્ષમાં બે મોટી ટુર્નામેન્ટ જોવા મળશે. રિપોર્ટ મુજબ, 2032માં ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન ટી20 વર્લ્ડકપ રમાશે.

સુડોકુ - ૬૬૭૬ 'ક્લુ'

	૨		૯	૮	૬			
૮	૯	૩			૫	૬	૭	૪
	૫				૪	૮		
૯		૫	૪			૨	૬	૭
૩		૨					૫	૯
૬		૭	૫	૯		૩		
	૬	૧			૭	૯	૨	
							૪	૧
					૧	૫	૮	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

અતિસાર

વાળો 10g, ધાવડી ના ફૂલ 10g, બેલગર્ભ 10g, ગજ પીપર 10g લઈ વાટી ચૂર્ણ કરવું. તેમાંથી ત્રણથી પાંચ ગ્રામ ચૂર્ણ સવાર સાંજ પાણી સાથે લો. દશ દિવસ લેવું.

શબ્દગુંફન - ૭૨૯૩

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. પૂર્ણિમા (૩)
૩. ચતુર સ્ત્રી (૩)
૬. ભાગીદાર, સાથી (૩)
૭. જિંદગી, જન્મારો (૪)
૧૦. સરદાર, આગેવાન (૩)
૧૨. ખેડવાથી પડતો લાંબો આંકો (૨)
૧૩. પતિ (૨)
૧૪. દેવ- દેવી એ આપેલું વચન (૪)
૧૬. પાણીનો ઘાટ (૪)
૧૮. બાવડું, હાથ (૨)
૧૯. મસાલામાં વપરાતું સોડમવાળું બિયું (૨)
૨૦. પવિત્ર, શુધ્ધ (૩)
૨૨. પૃથ્વી (૨)
૨૪. આબરૂ, વિશ્વાસ (૨)
૨૫. આદમી (૨)
૨૬. ગણતરી કરનારો, જોષી (૩)
૨૭. ''કીડી ....સંગ્રહ કરે જુઓ જંતુની જાત'' (૨)
૨૯. વીતી ચૂકેલું (૨)
૩૦. યોગ્ય (૩)
૩૧. ઝાંઝર, નેપુર (૩)
૩૩. અલગ, જુદું (૨)
૩૪. રસ ધરાવતો માણસ (૩)

ઊભી ચાવી

૧. એક રાક્ષસી, કંસની દાસી (૩)
૨. પાણી ભરવાની ચામડા કોથળી (૩)
૩. ચર્ચા, ઊહાપોહ (૪)
૪. ખુશ, પ્રસન્ન (૨)
૫. જ્ઞાતિ, ન્યાત (૨)
૮. પ્રધાન (૩)
૯. દાંત (૩)
૧૧. વિશ્વાસ (૩)
૧૩. ટેક, આબરૂ (૨)
૧૪. છોકરાંની કે નાનાં ભાઈ સ્ત્રી (૨)
૧૫. રાક્ષસ, અસુર (૩)
૧૬. હોડી (૩)
૧૭. મકાન, ગૃહ (૨)
૧૮. બંદરમાં પેસવાનો માર્ગ (૨)
૧૯. ફતેહ, વિજય (૨)
૨૦. પાંદડું, પર્ણ (૨)
૨૧. આકાશ (૨)
૨૩. મૂળ કિંમત (૩)
૨૪. એક તળીને બનાવેલી મિઠાઈ (૪)
૨૫. માણસ, આદમી (૨)
૨૭. એક સંત (૩)
૨૮. સદ્વર્તન (૨)
૨૯. ગમવું તે રૂચિ (૨)
૩૧. પવિત્ર, શીલવાન (૨)
૩૨. વેલ (૨)



આજનું પંચાંગ

તા. 14/11/2026, શનિવાર

વિક્રમ સંવત : 2083 **શાકે :** 1948
વીર સંવત : 2553 **માસ :** કારતક
તિથિ: સુદ: પાંચમ 23:24- લાભ પાંચમ
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-23 **યોગ :** શૂલ
કરણ: બવ **નક્ષત્ર :** પૂ.ષા: 20:24
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ) 27:13 પછી મકર (ખ,જ)
દિવસ : અશુભ- પાંડવ પંચમી, બાલદિન- નહેરુ જયંતી
સુરતમાં સૂર્યોદય : 06:50 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:56
નવકારસી : 07:38
પારસી વર્ષ : 1396 તીર માસનો 02 જો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ આખર માસનો 04થો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ,
રાહુ કાળ : સવારે: 09:30 થી 11:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. નોકરીમાં નવી તક મળે. વેપાર-ધંધામાં નવા સોદા થાય. શુભ સમાચાર મળે.

વૃષભ (બ,વ,ઉ,): નવા કામની શરૂઆત થાય. વડીલોના આશીર્વાદ મળે. સરકારી નોકરીયાતને રાહત રહે. ઉઘરાણી આવી શકે છે.

મિથુન (ક,છ,ઘ,): રોજના કામમાં ઉત્સાહ રહે. નવા મુહૂર્ત થાય. સામાજિક માન વધે. ઘરમાં શુભ પ્રસંગનું આયોજન થાય.

કર્ક (ડ,હ,): નોકરી માટે નવી ઓફર આવે. વિજાતિ મિત્રોનો સાથ મળે. માતા અને મોસાળ પક્ષની મદદ મળે.

સિંહ (મ,ટ,): સંતાનોના કામ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. નવા મિત્રોથી સાવધાન. જીવન સાથી સાથે દેવદર્શન થાય.

કન્યા (પ,ઠ,ણ,): નવા વેપાર-ધંધાનું મુહૂર્ત થાય. વાહન મકાનની યોજના પાર પડે. નોકરીમાં નવી તક મળે.

તુલા (ર,ત,): પ્રવાસ, સંગીત, નૃત્ય શિક્ષણને લગતા કામમાં પ્રગતિ. આજે નવા કામનું મુર્હૂત પાર પડે. મદદ મળે.

વૃશ્ચિક (ન,ય,): આર્થિક રોકાણની યોજના બને. પારિવારિક ધંધામાં નવા મુહૂર્ત થાય. આર્થિક પ્રગતિથી બચત થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): શુભ કામની શરૂઆત થાય, મુહૂર્તનો દિવસ અનુકૂળ રહે. નવા સોદા થાય. સામાજિક પ્રતિષ્ઠા વધે.

મકર (ખ,જ,): ખાણી-પીણીના ધંધામાં આવક વધશે. વિદેશને લગતા કામ થાય. મુહૂર્તનાં સોદા પાર પડશે.

કુંભ (ગ,સ,શ,ષ,): મિત્રો સાથે સામાજિક કામ થાય. વિદ્યાર્થીઓને નવુ શીખવા મળે. નવા કામનું મુહૂર્ત થાય.

મીન (દ,ચ,ઝ,થ,): વેપારના નવા સોદા પાર પડે. વાહન મિલકતની ખરીદીનું મુહૂર્ત થાય. આવક વધારવાની યોજના બને.

કોઈ પણ સાલમાં 14 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી-ધંધામાં નવી તક મળે. આરોગ્ય સુધરે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. સમાજમાં માન વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિથી શાંતિ થાય. નોકરી-ધંધામાં હરીફો સતાવે અને ટેકનોલોજીનો લાભ મળે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સામાજિક કામ, વારસા, જાયદાદ-જમીન જેવા કામમાં મિત્રોનો સાથ મળે. પ્રેમ-વિવાહ થાય, ઊંમરલાયકને યોગ્ય પાત્ર મળે. વડીલોની મદદથી નવા વેપાર-ધંધાની યોજના બને. સ્ત્રી વર્ગ માટે વર્ષ અનુકૂળ છે. નોકરિયાતને પ્રમોશન મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન-ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં બુધ-શુક્રવારે જૂન-જુલાઈમાં શનિવાર 07, 16,25 તારીખે નવા કામ ટાળવાં. લાલ અને કાળા રંગનો ઉપયોગ ટાળવો. બુધવારનાં ઉપાય કરતાં રહેવું.

અનુસંધાન... પાના પહેલાનું

ભારતમાં એરલાઇનોની...

થઈ છે. જો કે આ એરલાઇને જણાવ્યું હતું કે તેની ફ્લાઇટ કામગીરી બિનઅસરગ્રસ્ત રહી હતી. જ્યારે કે સ્પાઇસજેટની કેટલીક ડોમેસ્ટિક ફ્લાઇટો રદ કરવી પડી હોવાના અહેવાલ છે. માઈક્રોસોફ્ટ આઉટેજને કારણે ભારતના નાણાકીય સેવા ક્ષેત્રમાં કામકાજને અસર થઇ છે, જેના લીધે કર્મચારીઓને રિસર્ચ રિપોર્ટ્સ મેળવવામાં અને ક્લાયન્ટ્સ સાથે કોલ કરવામાં મુશ્કેલી પડી રહી છે. ઇક્વિટી માર્કેટમાં કામ કરતા લોકોએ BBCને જણાવ્યું હતું કે તેઓ સવારની મીટિંગ પહેલાં દૈનિક રિસર્ચ રિપોર્ટ્સ એક્સેસ કરી શક્યા ન હતા, જે બજાર અંગેના તેમના નિર્ણયો લેવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે.

અમેરિકાએ ઇરાનના...

રિવોલ્યુશનરી ગાર્ડના નિવેદનને ટાંકીને જણાવ્યું હતું કે દક્ષિણ ઈરાની બંદર સિરિકમાં ટેલિકોમ્યુનિકેશન પોલ પર અમેરિકાના હુમલા બાદ રડાર સિસ્ટમ પર આ હુમલો કરવામાં આવ્યો હતો. બહેરીન ઈરાનના સૌથી કટ્ટર ટીકાકારોમાંનું એક રહ્યું છે અને ત્યાં અમેરિકી નૌકાદળનો પમો કાફલો તૈનાત છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રડાર પરનો હુમલો અમેરિકાને તેના હુમલાઓ બંધ કરવા માટેની ગંભીર ચેતવણી હતી. સપ્ટેમ્બર પછી બહેરીનમાં કોઈ સુવિધાને નિશાન બનાવવાનો ઈરાનનો આ પ્રથમ અહેવાલ હતો. બહેરીનના માહિતી મંત્રાલયે ટિપ્પણી માટેની વિનંતીઓનો તાત્કાલિક કોઈ જવાબ આપ્યો નથી. સરકારી સમાચાર એજન્સી ઈરનાના જણાવ્યા અનુસાર, ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે શુક્રવારે જણાવ્યું હતું કે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવાનો પ્રયાસ કરતી વખતે લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ ટેન્કર એક સુરંગ સાથે અથડાયું હતું, જેના કારણે વિસ્ફોટ થયો હતો. દરમ્યાન, ગાઝામાં ૯ મહિનાના એક બાળકનું હાઈપોથર્મિયાને કારણે મૃત્યુ થયું છે, જે શિયાળાની ઋતુમાં ઠંડી સંબંધિત નોંધાયેલું પ્રથમ મૃત્યુ છે, તેમ આરોગ્ય અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું. શરીરનું તાપમાન ગંભીર રીતે ઘટી ગયા બાદ નાસેર હોસ્પિટલના ડોક્ટરોએ ગુરુવારે કનાન અર્કિકને મૃત જાહેર કર્યો હતો.

તનાવ વચ્ચે...

દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે તૈયાર છે." હસીનાના વર્ચ્યુઅલ મીડિયા સંવાદ બાદ, ઢાકાએ તેમના પ્રત્યાર્પણની માંગણીનો પુનરોચ્ચાર કર્યો હતો. ભારતે આ કાર્યક્રમથી પોતાને અલગ રાખવાનો પ્રયાસ કરતા કહ્યું હતું કે નવી દિલ્હીએ તેમાં ન તો કોઈ ભૂમિકા ભજવી છે કે ન તો હસીનાની ટિપ્પણીઓને સમર્થન આપ્યું છે.

પાકિસ્તાની...

કોર્પ્સના જવાનો પણ સામેલ છે. આ પ્રચંડ વિસ્ફોટથી નજીકના મકાનો અને એક મસ્જિદને પણ નુકસાન પહોંચ્યું છે.

પ્રતિબંધિત સંગઠન બલૂચ લિબરેશન આર્મીએ પાછળથી આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. સંગઠને હુમલાખોરની ઓળખ ઓસામા શાહવાની તરીકે કરી હતી અને જણાવ્યું હતું કે તે 2022માં સંગઠનમાં જોડાયો હતો. જોકે, સુરક્ષા અધિકારીના જણાવ્યા અનુસાર 2024માં ગુમ થયેલા વ્યક્તિઓના કેસમાં શાહવાનીનું નામ સામેલ હતું. અધિકારીએ કહ્યું કે આ ઘટના દર્શાવે છે કે પ્રતિબંધિત વિદ્રોહી જૂથ બલૂચ યુવાનોની બળજબરીથી ભરતી કરી રહ્યું છે અને તેમના ઠેકાણા અંગે સત્તાવાળાઓને ગેરમાર્ગે દોરી રહ્યું છે.

આસામમાં મિનીબસ...

ડોક્ટરોએ 20 લોકોને વધુ સારી સારવાર માટે જોરહાટ રિફર કર્યા છે. પોલીસે જણાવ્યું હતું કે, મિનીબસ ગોલાઘાટથી નગાંવ તરફ જઈ રહી હતી, જ્યારે કન્ટેનર ટ્રક અપર આસામ તરફ જઈ રહ્યો હતો. બસમાં કેટલા લોકો મુસાફરી કરી રહ્યા હતા તેની ચોક્કસ સંખ્યા તાત્કાલિક જાણી શકાઈ નથી. ગોલાઘાટ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે અકસ્માત કેવી રીતે થયો અને બંનેમાંથી કોઈ પણ વાહને ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું કે કેમ, જેમ કે બેઠક ક્ષમતા કરતાં વધુ મુસાફરો બેસાડવા અને કાઝીરંગા નેશનલ પાર્ક નજીક ઝડપ મર્યાદા ઓળંગવી, તે જાણવા માટે સંપૂર્ણ તપાસ હાથ ધરવામાં આવશે.

મોદી મારા...

પુરાવા તેમના ફોનમાં છે, "જેનું વડા પ્રધાન દ્વારા ટેપિંગ કરવામાં આવી રહ્યું છે." તેમણે આક્ષેપ કર્યો હતો કે વન-એન્ડ-વન ડિબેટથી એ સાબિત થઈ જશે કે કોણ વિદેશી શક્તિઓ દ્વારા નિયંત્રિત છે અને કોણ "રાષ્ટ્રવિરોધી" છે, અને ઉમેર્યું કે તેમના ફોનમાં આ બાબતોની વિગતો છે.